પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૬૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૦૭-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### શરદ પવારે મહારાષ્ટ્રના સતારામાં શક્તિ પ્રદર્શન કર્યું

## મહારાષ્ટ્રે પોતાની તાકાત બતાવવી પડશે, જાતિવાદ નહીં ચાલે. ધર્મના નામે તિરાડ ઉભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે : શરદ પવાર



મુંબઈ,

એનસીપીમાં ભાગલા પડ્યા બાદ પાર્ટીના વડા શરદ પવાર આજે મહારાષ્ટ્રના સતારા પહોંચ્યા અને ત્યાંના કાર્યકરોને મળ્યા. આ પ્રસંગે શરદ પવારે કહ્યું કે મહારાષ્ટ્રે પોતાની તાકાત બતાવવી પડશે. મહારાષ્ટ્રમાં જાતિવાદ નહીં ચાલે. ધર્મના નામે તિરાડ ઉભી કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. ચૂંટાયેલી સરકારોને તોડી પાડવામાં આવી રહી છે. દરેક વ્યક્તિ નવી શરૂઆત કરશે. આજે દેશમાં અને મહારાષ્ટ્રમાં કેટલાક જૂથો દ્વારા જાતિ અને ધર્મના નામે સમાજ વચ્ચે તિરાડ ઉભી કરવામાં આવી રહી છે. અમે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં મહારાષ્ટ્રની સેવા કરી રહ્યા હતા પરંતુ કેટલાક લોકોએ અમારી સરકારને પાડી દીધી. દેશના અન્ય ભાગોમાં પણ આવું જ બન્યું.

તેમણે કહ્યું કે મહારાષ્ટ્ર અને દેશમાં સાંપ્રદાયિક ભાગલા પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. આપણે એવા પરિબળો સામે લડવાની જરૂર છે જે લોકોમાં ભય પેદા કરે છે. આપણે દેશમાં લોકશાહીનું રક્ષણ કરવાની જરૂર છે. ગુરુ પૂર્ણિમાના અવસર પર, શરદ પવારે કરાડમાં તેમના ગુરુ અને મહારાષ્ટ્રના પ્રથમ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણના સ્મારકની મુલાકાત લીધી અને તેમને પુષ્પાંજલિ અર્પણ કરી. આ દરમિયાન તેમની સાથે કોંગ્રેસ નેતા પૃથ્વીરાજ ચવ્હાણ પણ હાજર હતા.

શરદ પવાર સોમવારે સવારે પૂણેથી કરાડ માટે રવાના થયા હતા અને રસ્તામાં તેમના સમર્થકોને મળ્યા હતા જેઓ તેમનું સ્વાગત કરવા અને સમર્થન કરવા માટે રસ્તાના કિનારે ઊભા હતા. કરાડમાં હજારો સમર્થકો અને સ્થાનિક એનસીપી ધારાસભ્ય બાલાસાહેબ પાટીલ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રનું રાજકારણ દરેક ક્ષણે બદલાઈ રહ્યું છે. અજિત પવારે ૨૪ કલાક પહેલા ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા હતા. પરંતુ હવે તેની છાવણીના લોકો પાછા વળતા જોવા મળી રહ્યા છે. એનસીપી સાંસદ અમોલ કોલ્હેએ કહ્યું કે તેઓ શરદ પવારની સાથે છે. રવિવારે રાજભવનમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં કોલ્હે પણ હાજર રહ્યા હતા. કોલ્હેનું પલટવું અજિત પવાર માટે કોઈ આંચકાથી ઓછું નથી. અમોલ કોલ્હે શિરુરથી લોકસભા સાંસદ છે. ટ્વિટર પર એક વીડિયો પોસ્ટ કરતા તેણે લખ્યું છે કે,

## NCP સાંસદ અમોલ કોલ્હેએ કહ્યું કે તેઓ શરદ પવારની સાથે છે, ગઈકાલે સોગંદવિધિમાં સામેલ હતાં

"જ્યારે મન અને દિલ વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે દિલની વાત સાંભળવી જોઈએ." કેટલીકવાર મન નૈતિકતાને ભૂલી જાય છે ... પરંતુ હૃદય ક્યારેય નહીં. આ ટ્વીટમાં તેણે એનસીપીના સુપ્રીમો શરદ પવાર, સુપ્રિયા સુલે, જયંત પાટિલ અને જીતેન્દ્ર આવ્હાડને ટેગ કર્યા છે.

પક્ષો બદલ્યા પછી, અજિત પવારના જૂથે કહ્યું કે એનસીપીમાં મતભેદને લઈને તેમને તમામ નેતાઓ અને ધારાસભ્યોનું સમર્થન છે. અજિત પવારે પણ રવિવારે પ્રેસ કોન્ફરન્સમાં આ જ વાત કહી. પરંતુ હવે ઘણા નેતાઓ અને ધારાસભ્યોએ શરદ પવારને સમર્થન જાહેર કર્યું છે. કેટલાક ધારાસભ્યો એવા છે જેમણે અત્યાર સુધી કોઈ નિર્ણય લીધો નથી.જ્યારે અજિત પવાર જૂથને એક તૃતીયાંશ ધારાસભ્યોનું સમર્થન મળે ત્યારે પક્ષ અને તેના પ્રતીક પર દાવો કરવાનું સરળ બનશે. માનવામાં આવે છે કે અજિત પવાર સાથે ૨૪ ધારાસભ્યો છે. જ્યારે શરદ પવારનું સમર્થન કરનારા લોકોની સંખ્યા ૧૪ છે. ૧૫ ધારાસભ્યો કોઈ નિર્ણય પર પહોંચ્યા નથી.

મહારાષ્ટ્ર નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખ જયંત પાટીલે કહ્યું છે કે તેમની પાર્ટીએ અજિત પવાર અને અન્ય આઠ બળવાખોર નેતાઓને અયોગ્ય જાહેર કરવા માટે ચૂંટણીપંચ સમક્ષ અરજી કરી છે. એક પત્રકાર પરિષદને સંબોધતા પાટીલે કહ્યું કે અયોગ્ય જાહેર કરવાની અરજી વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને મોકલી દેવામાં આવી છે.

જયંત પાટીલે કહ્યું કે ચૂંટણી પંચને પણ એક ઈ-મેલ મોકલવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે એનસીપીની લગામ હાલમાં પાર્ટીના વડા શરદ પવાર પાસે જ છે. પાટીલે કહ્યું કે એનસીપીના આ ધારાસભ્યોને ગદાર ન કહી શકાય નહીં કારણ કે તેમનો વિશ્વાસઘાત હજુ સાબિત થવાનો બાકી છે.

એનસીપી પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે ઘણા લોકો અમારા સંપર્કમાં છે. અમે સ્પીકર સમક્ષ અજિત પવાર અને અન્ય ૮ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવા માટેની અરજી કરી છે અને જલદી જ તેની હાર્ડકોપી મોકલીશું. કુલ ૯ નેતાઓ સામે આ અરજી દાખલ કરાઈ છે. આ નેતાઓએ કોઈને કહ્યું નથી કે તેઓ પાર્ટી છોડી રહ્યા છે, જે એનસીપી વિરુદ્ધ છે. અમે ભારતના ચૂંટણી પંચને પત્ર પણ લખ્યો છે. અમને વિશ્વાસ છે કે મોટાભાગના ધારાસભ્યો એનસીપીમાં પાછા આવશે અને અમે તેમને ફરીથી પ્રવેશ આપીશું.પરંતુ તેઓ પાંચમી તારીખ સુધી પાછા આવે નહીં તો તેમની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

## ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ જબરો ઉપાડો લીધો, કચ્છમાં ૮૦ ટકાથી વધુ વરસાદ

અમદાવાદ,

ગુજરાતમાં ચોમાસાના આગમન સાથે જ રાજ્યભરમાં શ્રીકાર વરસાદ વરસ્યો જેના કારણે જનજીવન પ્રભાવિત થયું હતું. ગત ૨૪ કલાક દરમિયાન રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું છે. છેલ્લા કલાક દરમિયાન રાજ્યમાં સરેરાશ એક ઈંચથી પણ ઓછો એટલે કે માત્ર પાંચ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં સૌથી વધુ ૧૨૦ મિ.મી. એટલે કે આશરે પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.રાજ્યના અન્ય ત્રણ તાલુકાઓમાં બે ઈંચથી વધુ અને ૧૩ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના કુલ ૮૩ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ, આજે તારીખ ત્રણ જુલાઈ, ૨૦૨૩ના રોજ સવારે ૬ કલાકે પૂરા થવાના ૨૪ કલાક દરમિયાન ગીર સોમનાથના તાલાલા તાલુકામાં ૮૭ મિ.મી., ભરૂચના વાલિયા તાલુકામાં ૬૫ મિ.મી., જૂનાગઢના માંગરોળ તાલુકામાં ૫૯ મિ.મી. કરતા વધુ વરસાદ નોંધાયો છે.

જ્યારે જૂનાગઢના કેશોદ, વંથલી અને વલસાડના કપરાડામાં ૪૧ મિ.મી., દાહોદ તાલુકામાં ૩૬ મિ.મી., માળિયા હાટીના તાલુકામાં ૩૫ મિ.મી., સુત્રાપાડા અને ડોલવણ તાલુકામાં ૪૩ મિ.મી., ધરમપુર તાલુકામાં ૩૩ મિ.મી., ગઢડા અને ડાંગ-આહવા તાલુકામાં ૩૦ મિ.મી., ગારીયાધાર અને ખાંભા તાલુકામાં ૨૮ મિ.મી. અને રાજુલા તાલુકામાં ૨૫ મિ.મી. એમ કુલ ૧૩ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.આમ, રાજ્યમાં કુલ મળી ૮૩ જેટલા તાલુકામાં નોંધપાત્ર વરસાદ થયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૩૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૪૪ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૬.૪૧ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૯.૨૯ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૬.૦૯ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૨૦.૪૦ ટકા સીઝનનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે.

### અજિત અને મંત્રી બનેલા

## ૮ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ પર યોગ્ય નિર્ણય લેવાશે : વિધાનસભા અધ્યક્ષ





મુંબઈ,

અજિત પવાર સહિત તમામ નવ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ની માંગનો મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષે જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે તેઓ એનસીપીની અરજી પર યોગ્ય પગલાં લેશે.

ઉલ્લેખનીય છે કે, અજિત પવારના એનસીપી ધારાસભ્યોથી અલગ થઈને એનડીએમાં સામેલ થવાનો મામલો હવે મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ અને ચૂંટણી પંચ સુધી પહોંચ્યો છે. મહારાષ્ટ્ર એનસીપી પ્રમુખ જયંત પાટીલે પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ મંત્રી તરીકે શપથ લેનારા અજિત પવાર સહિત તમામ નવ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરી છે. આ માટે તેમણે વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને પત્ર લખ્યો હતો. આ અંગે ચૂંટણી પંચને ઈમેલ પણ મોકલવામાં આવ્યો છે.

મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ રાહુલ નાર્વેકરે પત્રકારોને જણાવ્યું હતું કે તેમને જયંત પાટીલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી મળી છે જેમાં એનસીપીના નવ ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની માંગ કરવામાં આવી છે. આ અરજીને ધ્યાનથી વાંચ્યા બાદ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. તે જ સમયે જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે એનસીપીના કેટલા ધારાસભ્યોએ અજિત પવારને સમર્થન આપ્યું છે? તો નાર્વેકરે કહ્યું કે હજુ સુધી તેના વિશે કોઈ માહિતી નથી. તેમણે એમ પણ કહ્યું કે વિધાનસભામાં નવા વિપક્ષી નેતાની નિમણૂક અંગે નિર્ણય લેવાનો તેમનો વિશેષાધિકાર છે.

તમને જણાવી દઈએ કે, વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રીય મહાસચિવ ડૉ. જિતેન્દ્ર આવ્હાડને મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષના નવા નેતા અને મહા વિકાસ અઘાડીના નવા મુખ્ય દંડક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અજિત પવારે રાજીનામું આપ્યું અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે શિવસેના-ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જોડાયા, વર્તમાન નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ બીજા નાયબ મુખ્ય પ્રધાન તરીકે જોડાયાના કલાકો પછી આ નિમણૂક કરવામાં આવી છે. થાણે જિલ્લાના મુંબ્રા-કાલવાના ધારાસભ્ય આવ્હાડે જણાવ્યું હતું કે એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ જયંત પાટીલે તેમને વિધાનસભામાં પક્ષ અને વિપક્ષના મુખ્ય દંડક તરીકે નિયુક્ત કર્યા છે.

## 'હિંસા રોકવા માટે શું પગલાં લેવામાં આવ્યા?', સુપ્રીમ કોર્ટે મણિપુર સરકાર પાસેથી ત્રણ મુદ્દા પર જવાબ માંગ્યો



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે સોમવારે મણિપુર હિંસા કેસમાં દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી. આ દરમિયાન કોર્ટે રાજ્ય સરકાર પાસેથી ત્રણ મુખ્ય મુદ્દાઓ પર જવાબ માંગ્યો હતો. કોર્ટે રાજ્યમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે હિંસા રોકવા માટે લેવાયેલા પગલાં વિશે માહિતી માંગી હતી. આ સિવાય સુપ્રીમ કોર્ટે બેઘર અને હિંસાથી પ્રભાવિત લોકોના પુનર્વસન, સુરક્ષા દળોની તૈનાતી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિશે પણ માહિતી માંગી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે આગામી સુનાવણીની તારીખ ૧૦ જુલાઈ નક્કી કરી છે.

અગાઉ, સોલિસિટર જનરલ તુષાર મહેતા, સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર અને મણિપુર સરકાર તરફથી હાજર થઈને ન્યાયાધીશોને કહ્યું કે રાજ્યમાં સ્થિતિ ધીમે ધીમે સુધરી રહી છે. નોંધનીય છે કે એક દિવસ પહેલા જ બે કુકી સંગઠનોએ મણિપુરમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના બેરિકેડ્સને હટાવી દીધા હતા. બંને પક્ષોએ કહ્યું હતું કે ગૃહ પ્રધાન અમિત શાહે રાજ્યમાં શાંતિ અને સંવાદિતા પુનઃસ્થાપિત કરવાની અપીલ કર્યા પછી આ પગલાં લેવામાં આવ્યા છે.

## જ્યારે PM મોદી કંઈક કરે છે, ત્યારે તે સમગ્ર વિશ્વને અસર કરે છે : જયશંકર



નવીદિલ્હી,

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે એક કાર્યક્રમ દરમિયાન કહ્યું કે પીએમ મોદીની તાજેતરની યુએસ મુલાકાત ખાસ હતી. વડાપ્રધાનના વખાણ કરતા વિદેશ મંત્રીએ કહ્યું કે જ્યારે પીએમ મોદી કંઈક કરે છે ત્યારે તેની અસર આખી દુનિયા પર પડે છે.

કાર્યક્રમ દરમિયાન પોતાના સંબોધનમાં ડૉ. જયશંકરે કહ્યું કે 'જો તમે પીએમ મોદીની તાજેતરની યુએસ ટૂર જોશો, તો તમને ખબર પડશે કે ઘણા વડાપ્રધાનો અમેરિકા ગયા છે પરંતુ પીએમ મોદીની મુલાકાત ખાસ હતી. તેનું કારણ પીએમ મોદીની અલગ છબી છે. તેઓ વરિષ્ઠ, અનુભવી અને વિશ્વસનીય નેતા છે. જ્યારે પીએમ મોદી કંઈ કરે છે અથવા કોઈ પદ લે છે, ત્યારે તેની અસર સમગ્ર વૈશ્વિક રાજકારણ પર પડે છે. છેલ્લા નવ વર્ષમાં આપણે વિશ્વમાં ઘણા મોટા ફેરફારો જોયા છે, જેની શરૂઆત ભારતમાંથી કરવામાં આવી હતી.

ભારતીય વિદેશ મંત્રીએ કહ્યું કે,વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં વાસ્તવિક ફેરફારો થઈ રહ્યા છે. વિકાસનો અર્થ માત્ર શિલાન્યાસ અને પછી તેને ભૂલી જવાનો નથી. આ સરકાર પહોંચાડે છે. અન્ય સરકારો માત્ર બોલે છે પરંતુ અમારું માનવું છે કે લોકોએ જાતે પરિવર્તન થતું જોવું જોઈએ. વિદેશ મંત્રીએ કહ્યું કે આજે વિદેશ નીતિમાં ટેકનોલોજીની મહત્વની ભૂમિકા છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો, દુનિયા તમારી પાસે ચોક્કસ આવશે. તે તકો અને પડકારોના રૂપમાં આવી શકે છે. વિદેશ મંત્રીએ કહ્યું કે છેલ્લા નવ વર્ષમાં જે વિચારો આવ્યા છે તે ભારતમાંથી આવ્યા છે.

## NCPમાં ઘમસાણની વચ્ચે વિરોધ પક્ષોની બેઠક સ્થગિત

મુંબઈ,

મહારાષ્ટ્રના રાજકીય ઘમસાણ પછી ૧૩-૧૪ જુલાઈએ બેંગલુરુમાં થનારી વિરોધ પક્ષોની બેઠક બીજી વાર ટળી ગઈ છે. મહારાષ્ટ્રમાં થયેલા રાજકીય ઘટનાક્રમને લીધે આ બેઠકને ટાળવામાં આવી હોવાની સંભાવના છે. આ પહેલાં વિરોધ પક્ષોની બેઠક ૧૦ જુલાઈએ શિમલામાં થવાની હતી, જેને ટાળવામાં આવી હતી.

નવી તારીખનું એલાન સંસદના ચોમાસુ સત્ર પછી કરવામાં આવશે. આ સાથે અરવિંદ કેજરીવાલને દિલ્હીના વટહુકમ મામલે કોંગ્રેસ ટેકો આપવાની ધરાર ના પાડી હતી. આપ પાર્ટી કહ્યું હતું કે જો કોંગ્રેસ વટહુકમ મામલે અમને ટેકો નહીં આપે તો પાર્ટી વિરોધ પક્ષોની પટનાની બેઠકમાં સામેલ નહીં થાય. કોંગ્રેસે આ મુદ્દે ટેકો આપવાનો તો ઈનકાર કર્યો હતો, બલકે વરિષ્ઠ નેતાઓ અજય માકન, અશોક ગહેલોત અને સચિન પાઈલટ જેવા નેતાઓએ કોંગ્રેસ પાસે ટેકો માગવાને મુદ્દે કેજરીવાલની ટીકા કરી હતી.

કોંગ્રેસના મહા સચિવ કેસી વેણુગોપાલે કહ્યું હતું કે વડા પ્રધાને હાલમાં એનસીપી પર ભ્રષ્ટાચારનો મોટો આરોપ લગાવ્યો હતો અને હવે આપણે આ રાજકીય નાટક જોયું.એ સ્પષ્ટ છે કે ઈડી અને એની એજન્સીઓની આ રમત છે. એની મહાવિકાસ આઘાડી પર કોઈ અસર નહીં પડે. અમે ભાજપની વિરુદ્ધ મજબૂતીથી લડીશું. તેમણે કહ્યું હતું કે મહરાષ્ટ્રની રાજકીય સ્થિતિની અસર વિપક્ષની એકતા પર નહીં પડે. એ એનસીપીનો આંતરિક મામલો છે. મને વિશ્વાસ છે કે શરદ પવાર આ સ્થિતિને સારી રીતે સંભાળી શકશે.

## PM મોદીના આવાસની ઉપર ડ્રોન ઉડ્યાની માહિતી મળતાં ખળભળાટ, દિલ્હી પોલીસ તપાસમાં લાગી

નવીદિલ્હી,

પીએમ મોદીના આવાસની ઉપર ડ્રોન દેખાયાની માહિતી મળતા ખડભડાટ મચી ગયો છે. ત્યારે આ મામલે તાત્કાલિક SPGએ દિલ્લી પોલીસને કરી જાણ કરી છે અને ડ્રોન મામલે તપાસ શરુ કરી છે. મળતી માહિતી મુજબ સોમવારે વહેલી સવારે વડાપ્રધાન મોદીના આવાસની ઉપર ડ્રોન જોવા મળ્યાના સમાચાર સામે આવી રહ્યા છે. પીએમ મોદીનું આવાસ નો ફલાઈંગ ઝોન અને નો ડ્રોન ઝોન હેઠળ આવે છે. આવી સ્થિતિમાં અહીં ડ્રોન જોવા મળ્યાની માહિતીને પગલે ખળભળાટ મચી ગયો છે. ત્યારે આ ઘટના સવારે સાડા પાંચ વાગ્યાની આસપાસ બની હોવાની જણાવવામાં આવી રહી છે. જે બાદ સમગ્ર મામલાની સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપે આ મામલે તરત જ પોલીસને જાણ કરી હતી, ત્યારબાદ પોલીસ એક્શનમાં આવી ગઈ હતી અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું અને ડ્રોનની તપાસમાં જોડાઈ હતી. મામલાની જાણ થતા જ પોલીસની તપાસ સતત ચાલી રહી છે, પરંતુ ઘણા પ્રયત્નો પછી પણ પોલીસને હજુ સુધી કંઈ મળ્યું નથી. આ અંગે માહિતી આપતાં દિલ્હી પોલીસે કહ્યું કે, તેમને PM મોદીના આવાસની ઉપરના નો-ફલાઈંગ ઝોનમાં ડ્રોન ઉડવાની માહિતી મળી હતી. એસપીજીએ સવારે ૫.૩૦ વાગ્યે પોલીસનો સંપર્ક કર્યો હતો જે બાદથી આ મામલે સતત તપાસ ચાલુ છે. તમને જણાવી દઈએ કે, પીએમ મોદીની સુરક્ષા ખૂબ જ કડક છે. ત્યારે એટલા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડ્રોન ક્યાંથી ઉડ્યા તે મોટો સવાલ છે. તેમજ પીએમને મળવા માટે કોઈ અધિકારી હોય છે પછી તેમનો પરિવાર તે બધાને તેમના ઘરે પહોંચવા માટે પણ અનેક સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડે છે.આ પહેલા એપ્રિલમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાન પર ડ્રોન જોવાના સમાચાર આવ્યા હતા, ત્યારબાદ પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

એન. કે. પટેલ

તરફથી અભીનંદન....

મુ. મંગલીયાણા,

તા. શહેરા,

જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

એન. ડી. પરીખ

તરફથી અભીનંદન....

મુ. બોરીયા,

તા. શહેરા,

જી. પંચમહાલ

### જાહેર નિવિદા નં.૦૬ સને ૨૦૨૩-૨૪

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (માXમ) વિભાગ, ગોધરા સીવીલ લાઈન રોડ, પીન કોડ નં.૩૮૯૦૦૧, જી.પંચમહાલ, ફોન નં.૦૨૬૭૨-૨૫૩૩૮૪ તરફથી ગુજરાત રાજયનાં અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી એમ્પનલમેન્ટ એન્ડ એપોઈમેન્ટ ઓફ કન્સલટન્ટ ફોર પ્રેપરેશન ઓફ ડીટેઈલ રોડ ચાર્ટ એબીસી, રોડ સેફટી ઓડીટ એન્ડ વેરીયસ વર્ક અંડર આર એન્ડ બી (પંચાયત) ડીવીઝન, ગોધરાના કામે ટેન્ડર માંગવામાં આવે છે. કોરી ટેન્ડર કોપી ઈસ્યુ કરવાની તા.૧૦/૦૭/૨૦૨૩ અને ભરેલા ટેન્ડર આરપીએડી/સ્પીડપોસ્ટ થી પરત લેવાની છેલ્લી તા.૧૭/૦૭/૨૦૨૩ છે. ટેન્ડર ફી પેટે રૂા.૬૦૦/- બેંક ઓફ બરોડા શાખા સ્ટેશન રોડ, ગોધરામાં "૦૦૫૯ પીડબલ્યુ" સદરે ચલનથી જમા કરાવી ચલન રજુ કર્યે થી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે વધુ માહિતી માટે રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈસમો એ રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

અનુભવનું પ્રમાણપત્ર તથા ચાલુ વર્ષની નેશનલાઈઝ બેંકની સોલવંસી રજુ કરવાની રહેશે.

માહિતી/ગોધરા/૨૭૮/૨૦૨૩

### ઓન લાઈન ટેન્ડરીંગ
### જાહેર નિવિદા નં.૦૪, સને.૨૦૨૩-૨૪ (બીજો પ્રયત્ન)

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત માXમ વિભાગ, જિલ્લા પંચાયત ભવન જિલ્લા સેવા સદનની બાજુમાં, મહીસાગર લુણાવાડા ફોન નં.૦૨૬૭૪-૨૫૨૧૨૩ દવારા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી મકાન, નાળાકામના કામના રૂા.૬.૦૦ લાખથી રૂા.૧૮.૭૮ સુધીની કિંમતના ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો http:/rnb.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetenders.com ઉપર જોવા મળશે.

ટેન્ડર ઓપનીંગની છેલ્લી તારીખથી રજી.પો.એ.ડી.થી દિન-૭ માં અસલમાં ડીમાન્ડ ડ્રાફટ એફ.ડી.આર. કાર્યપાલક ઈજનેરશ્રી, મહિસાગરને રજુ કરવાના રહેશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

| | |
|---|---|
| ઓન લાઈન સબમીશનની છેલ્લી તારીખ | તા.૧૮/૦૭/૨૦૨૩ સમય ૧૮.૦૦ કલાક સુધી. |
| ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન) | તા.૧૯/૦૭/૨૦૨૩ સમય ૧૨.૦૦ કલાક |

માહિતી/ગોધરા/૨૭૯/૨૦૨૩

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર કલેક્ટર દ્વારા સંવેદના અને માનવીય અભિગમ દાખવી કચેરી છોડી પટ્ટાંગણમાં સ્વાતંત્રય સેનાનીનું કરાયું સન્માન



મહિસાગર,

આજે ભારતનું વિશ્વમાં એક આગવું સ્થાન છે અને ભારત દરેક ક્ષેત્રે સતત નવા શિખરો સર કરી રહ્યું છે. બાળકથી માંડી વૃદ્ધ સુધી સૌએ આઝાદીની લડાઈમાં આપેલા ફાળાને અનેક રીતે આપણે વારંવાર વાગોળતા હોઈએ છીએ. આમ છતાં કોઈક કારણોસર ઘણા એવા લોકો છે. જેણે દેશની આઝાદીમાં પોતાનું અમુલ્ય યોગદાન આપ્યું પરંતુ તેમની નોંધ એનકેન કારણોસર આપણે લઈ શક્યા નથી, તેઓને આપણે નવી પેઢી સમક્ષ રજુ કરી શક્યા નથી. આવા તમામ દેશના ઋણીઓ માતૃભુમિના સપુતોને આપણે આઝાદીના આ અમૃત પર્વ દરમ્યાન યાદ કરવા એ આપણી નૈતિક ફરજ છે. મહીસાગર જીલ્લાના સ્વાંતત્રય સેનાની પાઠક સુમિત્રાબેન અંબાલાલ પણ આવા જ એક આઝાદીની લડતમાં સક્રિય ભાગ ભજવનાર વિરાંગના છે, જેણે આઝાદી માટે આપેલા અમુલ્ય ફાળા બદલ આજે મહીસાગર કલેક્ટરના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગરના માર્ગદર્શન અંતર્ગત મહીસાગર જીલ્લા વહિવટી તંત્ર વતી કલેક્ટર મહીસાગર ભાવિન પંડ્યા દ્વારા એસ.પી. રાકેશ બારોટ, ટ્રેઈની આઈએએસ મહેંક જૈન, જીલ્લા અગ્રણી અજય દરજી તથા અન્ય વિભાગીય અધિકારીઓ અને કર્મચારીઓની ઉપસ્થિતીમાં મહીસાગર જીલ્લાના વતની અને આઝાદીની લડાઈમાં યોગદાન આપનાર સ્વાતંત્રય સેનાની પાઠક સુમિત્રાબેન અંબાલાલ અને તેમના પરિવારજનોનું શિલ્ડ, શાલ અને બુકેથી સન્માન કરવામાં આવ્યું.

અહીં નોંધનીય છે કે, સુમિત્રાબેન ચાલી શકે તેવી પરિસ્થિતીમાં ન હોવાથી તેમને વ્હીલચેરમાં બેસાડી કલેક્ટર કચેરીમાં પહોંચાડવાને બદલે કલેક્ટર મહિસાગર દ્વારા સ્વાતંત્રય સેનાની પ્રત્યે સંવેદના અને માનવીય અભિગમ દાખવી કલેક્ટર કચેરીના પટ્ટાંગણમાં નીચે આવી બધા અધિકારીઓને સાથે રાખી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરએ તેઓએ દેશ માટે કરેલા કાર્યો માટે આભાર વ્યક્ત કર્યો હતો તથા આપ અમારા જેવા લાખોને પ્રેરણા પુરી પાડનાર છો અને રહેશો તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

# મુનપુર કોલેજમાં યોજાયો ગુરવંદનાનો કાર્યક્રમ



મુનપુર,

આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો. પરેશ પારેખ અને ડો. હિતેષ કુબાવતે 'ગુરૂપૂર્ણિમા'ની ઉજવણી શા માટે ? તેનું સાંસ્કૃતિક મહત્ત્વ શું ? એ અંગે કાર્યક્રમોચિત ભૂમિકા બાંધી આપી.

ત્યારબાદ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ કોલેજના તમામ અધ્યાપકોને કુમકુમ તિલક કરીને કોલેજ કેમ્પસની પ્રકૃતિમાંથી સ્વયં તૈયાર કરેલા પુષ્પગુચ્છ અર્પણ કરીને ગુરૂવંદના કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

ત્યારબાદ આજના કાર્યક્રમના અધ્યક્ષ અને કોલજના સન્ આચાર્ય ડો. એમ.કે.મહેતા સૌ વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા. આ પ્રસંગે આચાર્યએ 'ગુરૂ' પદનો મહિમા સમજાવતા ગુરૂની નૈતિક અને સામાજીક જવાબદારી અંગેની સજાગતા અંગે પણ વાત મૂકી. સાહેબે જણાવ્યું કે દરેક વ્યક્તિના જીવનમાં પોતાના વ્યકિતત્વના વિકાસમાં અને સફળતાઓમાં અનેક તબક્કે જુદી જુદી અનેક વ્યક્તિઓનો ફાળો રહેલો હોય છે, એટલે એ સૌને આ ક્ષણે યાદ કરીને એમના ઋણનો સ્વીકાર કરવો જોઈએ.

ત્યારબાદ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ (૧) ડામોર વર્ષાબેન લક્ષ્મણભાઈ–સેમ : ૫, (૨) ડામોર ઉષાબેન પર્વતભાઈ–સેમ : ૩, (૩) ડામોર ચતુરભાઈ કાળુંભાઈ–સેમ : ૩, (૪) ડામોર સુમિત્રાબેન વીરાભાઈ–સેમ : ૫, (૫) સેવક વૈભવીબેન સુરેશચંદ્ર–સેમ : ૫ , એ 'ગુરૂમહિમા' વિશે પોતાના સુંદર વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના અંતમાં સંસ્કૃત વિભાગના અદ્યાપક ડો. હિતેષ કુબાવતે કાર્યક્રમની આભારવિધિ સંપન્ન કરી. આ સમગ્ર કાર્યક્રમનું સંયોજન સંસ્કૃત વિભાગના અધ્યાપકો ડો. પરેશ પારેખ અને ડો. હિતેષ કુબાવતે કર્યું. આ કાર્યક્રમનું સુંદર અને આયોજનબદ્ધ સંચાલન સેમ–૫ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની કૃપાલી સેવકે કર્યું.



કડાણા તાલુકાના નાના ઘરોડાના કબીર મંદિર મુકામે આદિજાતિ વિકાસ અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કેબિનેટ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડીંડોરે ૧૦૮ સેવાદાસજી મહારાજના દર્શન કરી તેમના આશીર્વાદ લીધા. વિષમ પરિસ્થિતિમાં શિક્ષક જ એ પૂજારી છે, જે સમાજના મંદિરમાં નૈતિક અને માનવીય મૂલ્યોના મહત્વને પૂર્ણરૂપથી સ્થાપિત કરે છે.

# બાલાસિનોરના માળના મુવાડા ગામનો માર્ગ ખખડધજ બનતા વાહનચાલકો પરેશાન

બાલાસિનોર,

ચોમાસના વરસાદે તંત્રની પોલ ખોલી હોય તેવા દ્રશ્યો જામ્યા છે. જેમાં બાલાસિનોર વિધાનસભાના ભાજપ ધારાસભ્ય માનસિંહ ચૌહાણના માળના મુવાડા ગામમાં માર્ગ ધોવાઈ જતા લોકોમાં તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉઠ્યા હતા. દેવથી લુણાવાડા રોડ ઉપરથી માળના મુવાડા ધારાસભ્ય માનસિંહ ચૌહાણના નિવાસ સ્થાન હોવાના કારણે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ પ્રજા જવા માટે આ માર્ગોનો મોટાપાયે ઉપયોગ કરે છે. ત્યારે અવર જવર વધુ રહેતી હોય વાહનચાલકોને માર્ગ ઉપર પડી ગયેલ ખાડાઓને કારણે પરેશાન થવુ પડ્યુ હતુ. ત્યારે ધારાસભ્ય પણ આ જર્જરિત માર્ગ પરથી પસાર થતાં હોવા છતાં પણ સમસ્યાનો હલ કરવાની તસ્દી લેતા નથી. માળના મુવાડા ગામની બહાર મુખ્ય માર્ગ ઉપર પીકઅપ સ્ટેન્ડ બનાવેલ હતુ. પરંતુ તેની જાળવણી ન થતાં હાલ એક પીકઅપ સ્ટેન્ડ જર્જરિત હાલતમાં છે. ત્યારે ધારાસભ્ય માનસિંહ ચૌહાણના નિવાસ સ્થાને કામ અર્થે આવતા લોકોને ઉનાળો તેમજ ચોમાસાની ઋતુમાં બહાર ખુલ્લામાં ઉભા રહી વાહનની રાહ જોવાનો વારો આવ્યો છે.

# સંતરામપુર ગાયત્રી શકિતપીઠ ખાતે ગુરૂ પૂર્ણિમા દિવસે હવન કરાયું



સંતરામપુર,

સંતરામપુરમાં ગુરૂપૂર્ણિમા દિવસ નિમિત્તે ગાયત્રી શક્તિપીઠ મંદિરમાં હવન અને યજ્ઞનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જ્યારે સંતરામપુર નગરમાં ગુરૂપૂર્ણિમાના દિવસ નિમિત્તે અલગ અલગ મંદિરોમાં સવારથી દર્શન માટે ભીડ જામેલી હતી. જ્યારે બીજી બાજુ કબીર મંદિર આશાપુરા માથે ગાયત્રી મંદિર ભાવિ ભકતો પોતાના ગુરૂજીને ગુરૂપૂર્ણિમાના દિવસ માટે દર્શન કરવા ઉમટી પડ્યા હતા. જ્યારે સંતરામપુર ગાયત્રી મંદિરમાં મોટી સંખ્યામાં હવન અને યજ્ઞનો કાર્યક્રમ યોજાયેલો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તો આ યજ્ઞમાં જોડાયા હતા. ગુરૂપૂર્ણિમા દિવસ નિમિત્તે આખો દિવસ મંદિરમાં યજ્ઞનો કાર્યક્રમ ચાલુ રહ્યો હતો અને મોટાભાગનો ભંડારાનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે હવનની અંદર રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી હવન અને યજ્ઞમાં જોડાયા હતા.

# સંતરામપુરના માનગઢ ખાતે ઘાટી કટીંગ કામનું શિક્ષણ મંત્રીએ નિરીક્ષણ કર્યું



સંતરામપુર,

સંતરામપુર તાલુકા માનગઢ ખાતે વિકસાવવા માટે અને ઘાટીનું કટીંગ દરમિયાનમાં શિક્ષણ મંત્રીએ નિરીક્ષણ કર્યું. સંતરામપુર તાલુકાના માનગઢ હિલ ખાતે વિકસાવવા માટે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલી હતી અને તેને પ્રવાસધામ તરીકે પણ વિકસાવવા માટેનું આયોજન કરવામાં આવેલ હતું. રાજસ્થાન અને ગુજરાતના બંને વચ્ચે આવેલો માનગઢ હિલ કુદરતી દ્રશ્યો થી ઘેરાયેલો સતત ધીરે ધીરે તેનો ગુરૂ ગોવિંદની યાદમાં સતત ડેનપિંગ થાય અને તેના હેતુથી હાલમાં માનગઢ હિલ ખાતે ઘાટી કાપીને ડુંગરાઓ તોડીને નવો રસ્તો બનાવવાની કામગીરી જ્યારે હાથ ધરેલી હતી. તે સમયમાં સંતરામપુરના મતવિસ્તારના ડોક્ટર કુબેરભાઈ ડીંડોર અને ધારાસભ્ય રાજ્ય કક્ષાના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડીંડોર મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું.

# પંચમહાલ જીલ્લામાં ૨૬ જુલાઈએ તાલુકા સ્વાગત અને ૨૭ જુલાઈના રોજ જીલ્લા કક્ષાનો સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

ગોધરા,

ગોધરા (શહેર) તાલુકાની જાહેર જનતાને જણાવવાનું કે, મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળનો તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૬/૦૭/૨૦૨૩ના રોજ સવારના ૧૧ કલાકથી પુર્ણ ન થાય ત્યાં સુધી યોજવામાં આવનાર છે. જયારે પંચમહાલ જીલ્લાની જાહેર જનતાને જણાવવાનું કે, જીલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭/૦૭/૨૦૨૩ને ચોથા ગુરૂવારના રોજ સવારના ૧૧.૦૦ કલાકથી પુર્ણ ન થાય ત્યાં સુધી યોજવામાં આવનાર છે.

સંબંધકર્તા નાગરિકોએ તેઓના (સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી,પેન્શન સિવાયના પ્રશ્નો લેખિતમાં તાલુકા સ્વાગતમાં તા.૧૨/૦૭/૨૦૨૩ સુધીમાં તથા જીલ્લા કક્ષાએ તા.૧૦/૦૭/૨૦૨૩ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા જાહેર રજા સિવાયના દિવસો દરમ્યાન રજુ કરવાના રહેશે. અરજી ઉપર "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ" તથા "જીલ્લા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમ"ના મથાળા હેઠળ અરજી એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

આ સાથે લાંબા સમયના જ પડતર પ્રશ્નો અંગે જ અરજી કરવાની રહેશે, જીલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા કોઈ પણ અરજદારે સૌપ્રથમ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં ત્યારબાદ જે કચેરીનો પ્રશ્ન હોઈ ત્યાં અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોઈ, જીલ્લા કક્ષાનો પ્રશ્ન હોય તો જીલ્લાના જવાબદાર અધિકારીને કરેલ રજુઆતની નકલ સહ અરજી કરવાની રહેશે. આ કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નોનો જીલ્લાકક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા જ તેમજ કોર્ટ મેટર થયેલ ન હોઈ તેવા જ પ્રશ્નો હોવા જોઈએ. આ કાર્યક્રમમાં અરજદારે જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. કોઈ વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજુઆત કરાવી શકાશે નહિ, આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે સામૂહિક રજુઆતો કરી શકશે નહિ.

તાલુકા સ્વાગત માટે (૧) લાંબા સમયના જ પડતર પ્રશ્નો અંગે જ અરજી કરવાની રહેશે. (૨) તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને કરેલ રજુઆતની નકલ સહ અરજી કરવાની રહેશે. (૩) આ કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નોનો તાલુકા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા જ તેમજ સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી, પેન્શન, નિતિવિષયક તથા આક્ષેપો સિવાયના પ્રશ્નો હોવા જોઈએ. (૪) આ કાર્યક્રમમાં અરજદારે જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. કોઈ વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજુઆત કરાવી શકાશે નહિ. (૫) આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે, સામૂહિક રજુઆતો કરી શકશે નહિ તેમ જન સંપર્ક અધિકારી ટુ કલેકટર પંચમહાલ અને મામલતદાર ગોધરા શહેરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# મહિસાગર જીલ્લામાં ફૂટબોલ રમતની સ્પર્ધાનું આયોજન કરાશે

મહિસાગર,

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને મહિસાગર જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા ૬૨મી સુબ્રતો કપ ઈન્ટરનેશનલ ફુટબોલ ટુર્નામેન્ટ યોજાનાર છે. જેમાં ગુજરાત રાજ્યની વિજેતા ટીમો ભાગ લેવાની હોય જેને અંતર્ગત મહીસાગર જીલ્લામાં અં.–૧૪ ભાઈઓ અને અં.–૧૭ ભાઈઓ અને બહેનોની ફૂટબોલ રમતની સ્પર્ધાનું આયોજન રાખવામા આવનાર હોય સ્પર્ધામાં ભાગ લેનાર શાળાએ પ્રી–સુબ્રતોની વેબસાઇટ www.subrotocup.in/ પરથી રજીસ્ટ્રેશન કરી તેની નિયત ફી ભરીને તેની રશીદ અને ઓનલાઇન કરેલ અરજી શાળાના સહી સિક્કા સાથે જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, રૂમ.નં.૩, પ્રથમ માળ, અંબા માતાજી મંદિર ટ્રસ્ટ, શહેરા દરવાજા પાસે, લુણાવાડા ખાતે તા. ૦૮/૦૭/૨૦૨૩ સુધીમાં જમા કરાવવાની રહશે. સ્પર્ધાને લગતી વધુ માહિતી માટે અગાઉથી જાણ કરવામાં આવશે.

# આપની આજ.......

મેષ : આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો. અધિકારીઓ સાથે સુમેળ વધશે.

વૃષભ : ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે. આ સમયનો ઉપયોગ કરીને તમારા સિતારા ચમકશે. પરિવારમાં સારો સમય પસાર થશે.

મિથુન : આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

કર્ક : આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો. જો તમે મુસાફરી કરવાની યોજના ઘડી રહ્યા છો તો પછી પરિવારમાં સહમતિ સાધો. તમને ક્ષેત્રમાં પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે.

સિંહ : આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

કન્યા : આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓ ટાળો. મોસાળ તરફથી સહયોગ મળશે.

તુલા : આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ, નહીં તો ભવિષ્યમાં પ્રતિષ્ઠાને ફટકો પડશે.

વૃશ્ચિક : તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે. જો તમે નોકરીમાં હોવ તો પણ આજે તમને લાભ મળવાનો છે.

ધનુ : આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં. માતા-પિતા અને ગુરુની સેવા અને ભગવાનની ઉપાસનામાં મનન કરવાનું ભૂલશો નહીં.

મકર : આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે. સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે ઊભી રહી શકે છે.

કુંભ : આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ. વ્યાવસાયિક વિકાસથી આત્મવિશ્વાસ વધશે.

મીન : આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.

# કાંકણપુર કોલેજમાં પ્રવેશોત્સવ અને ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવણી કરાઈ



કાંકણપુર,

શ્રી જે.એલ.કે.કોટેચા આર્ટ્સ એન્ડ શ્રીમતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજ, કાંકણપુર ખાતે નૂતન વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કોલેજના આચાર્ય ડો.જગદીશભાઈ પટેલે આરંભમાં આવકાર પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં ડો.એસ.બી.પટેલ, ડો.એ.યુ.લકુમ, ડો. એમ.સી. રાઠવા, ડો.સાબત પટેલ, તથા ડો.એસ.એસ. પટેલે વિદ્યાર્થીઓને વકતવ્યદ્વારા શાબ્દિક આવકાર આપ્યો હતો. તેમાં સંચાલન ડો.કે.જી.ચંદાણાએ કર્યું હતું.

આ સાથે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને ગુરૂ અને શિષ્ય વચ્ચેના સબંધ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન ડો.એસ.એસ. રખિયાણિયાએ કર્યું હતું. ડો.યુ.એસ.પટેલ, ડો.જે.એલ.પટેલ તથા પ્રા. મુસ્કાન શેખે ગુરૂમહિમા વિશે સંક્ષિપ્ત વકતવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ નિ.પ્રિ. વિપુલભાઈ જે. શાહ એ ગુરૂપૂર્ણિમા નિમિત્તે ખૂબ જ હૃદયસ્પર્શી વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને મંત્ર મુગ્ધ કર્યા હતાં. આભાર દર્શન જે.એલ.પટેલે કર્યું હતું.

# શહેરાના બાહી કુમારશાળા ખાતે ગુરૂ વંદના કાર્યક્રમ યોજવામાં આવ્યો



શહેરા,

ગુરૂપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે આજરોજ બાહી ગામમાં બાહી કુમારશાળા, બાહી કન્યાશાળા, બાહી હાઈસ્કુલ અને ખાંટના મુવાડા પ્રાથમિક શાળાના શિક્ષકોનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મંચસ્થ મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કર્યા બાદ બાહી ગામના વય નિવૃત્ત થયેલા ગુરૂજીઓ અને તમામ શિક્ષકઓનું શાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું. હાલમાં જ વય નિવૃત્ત થયેલા તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડાનું પુષ્પગુચ્છ આપી અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ કાર્યક્રમ બાહી ગામના વતની અને હાલ વડોદરામાં નગરપાલિકાઓની કચેરી ખાતે અધિક કલેકટર તરીકેની ફરજ બજાવતા ગોપાલચંદ્ર બામણીયાના સૌજન્યથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં શહેરા તાલુકા માંથી હાલમાં જ વય નિવૃત્ત થયેલ તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડાના અધ્યક્ષ સ્થાને ધી નવચેતન હાઈસ્કુલ બાહીના કોમ્યુનિટી હોલમાં ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો. ગ્રામ પંચાયત બાહીના સરપંચ અને તમામ સભ્યો તેમજ બાહી દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સેંક્રેટરી, ચેરમેન અને તમામ સભ્યો ઉપરાંત ધી નવચેતન હાઈસ્કુલ બાહીના વિદ્યોત્તેજક મંડળના પ્રમુખ પી.ડી.સોલંકી તેમજ ગામના અગ્રગણ્ય નાગરિકો અને વડીલો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

# બાલાસિનોરમાં છેલ્લા ચાર મહિનામાં બાર લોકોને કુતરૂ કરડ્યુ : કુતરાના આતંકથી લોકો ભયમાં

બાલાસિનોર,

બાલાસિનોર નગર વિસ્તારમાં આવેલી નંદનવન સોસાયટીમાં છેલ્લા ચાર મહિનામાં એક કુતરાએ આતંક મચાવ્યો હતો. જેમાં સોસાયટી બહાર જતા રહિશોને બચકા ભરી લેતા ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર નગર વિસ્તારમાં આવેલી નંદનવન સોસાયટીમાં રહેતા રહિશોમાં સમર્પણ સોસાયટીમાં વધુ પડતુ રહેતુ એક કુતરાએ જાણ નંદનવન સોસાયટીના માણસોને ટાર્ગેટ બનાવ્યા હોય તેમ એક બાદ એક લોકોને ટાર્ગેટ કરી બચકા ભરવાનુ ચાલુ કર્યુ હતુ. જેમાં આજદિન સુધી બાર લોકોને બચકા ભરી લેતા હાલ સોસાયટીના રહિશોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જયારે સોસાયટીના રહિશો પોતાની સોસાયટીની બહાર નીકળે ત્યારે હાથમાં પથ્થર લઈ નીકળવાની ફરજ પડી છે.

# ગોધરા તાલુકાના સારંગપુર ગામે પત્નીના આડા સંબંધના વ્હેમથી પતિ ગળું દબાવી હત્યા કરી

ગોધરા,

ગોધરા તાલુકાના સારંગપુર ગામે રહેતા આરોપીના લગ્ન મરણજનાર સાથે ૨૦૦૪માં થયેલ હોય બે બાળકો છે. મૃતકના કોઈ વ્યકિત સાથે આડા સંબંધ હોય તેવા વ્હેમ રાખી ૨ જુલાઈ નારોજ ગળું દબાવી મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના સારંગપુર ગામે રહેતા આરોપી દિલીપ કાભયભાઈ નાયકના લગ્ન ૨૦૦૪માં પ્રેમીલાબેન સાથે થયેલ હોય લગ્ન જીવન દરમિયાન બે બાળકો પણ હોય પરંતુ દિલીપ નાયક જે પ્રેમીલાબેનને કોઈ વ્યકિત સાથે આડા સંબંધ હોવાનો વ્હેમ રાખતો હતો. તા. ૨ જુલાઈના રોજ પોતાના ઘરમાં દરવાજો ખુલ્લો કેમ છે. તે માટે જવાબ નહિ આપતાં બે ઝાપટ મારી ગળું બે હાથેથી દબાવીને મોત નિપજાવ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે જગદીશભાઈ નાયક દ્વારા દિલીપ નાયક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ૩૨૩, ૩૦૨ મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદના ઈન્દોર હાઈવે ડમ્પીંગ યાર્ડની પાછળ જુગારધામ ઉપર સ્ટેટ મોનિટરીંગ સેલે રેઈડ કરી ૧૫ જુગારીયાને ૧૦.૨૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના ઈન્દૌર નેશનલ હાઈવે પર આવેલ ડમ્પીંગ યાર્ડની પાછળ રમાતા મસમોટા જુગારધામ પર ગાંધીનગર સ્ટેટ વીજીલન્સની ટીમે ઓચિંતી રેડ પાડતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે ૧૫ જુગારીઓને ઝડપી પાડી સ્થળ પરથી તેમજ અંગઝડતી માંથી રોકડા રૂપીયા ૧,૦૫,૪૩૦ તેમજ ૧૪ મોબાઈલ ફોન અને ૧૧ વાહનો મળી કુલ રૂા. ૧૦,૨૫,૯૩૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જ્યારે આ રેડમાં ૪ જેટલા જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.


ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમને મળેલ બાતમીના આધારે ગતરોજ રાત્રીના સમયે દાહોદ શહેરના ઈન્દૌર અમદાવાદ નેશનલ હાઈવે પર આવેલ ડમ્પીંગ યાર્ડની પાછળ ખુલી જગ્યામાં ઓચિંતી રેડ પાડતાં સ્થળ પર મોટા પાયે જુગાર રમી રહેલ જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે ફારૂકભાઈ હારૂનભાઈ પટેલ (રહે. જુના વણકરવાસ, કસ્બા, દાહોદ), એઝાઝ વાહીદ બજારીયા, ઈર્શાદ ઈબ્રાહીમ કાગડા, અતેરા ગફારભાઈ બજારીયા, ઈનાયત અમીરભાઈ, સર્વરાજ શબ્બીર સાજી, મનોજ જગદિશભાઈ દેવડા, અનવર શબ્બીરભાઈ, રીયાજ મહોમદ દિલજાન, સંતોષ લક્ષ્મણભાઈ, ભાવેશભાઈ માનુભાઈ ખાંટ, મુસ્તુફા લીયાકત પઠાણ, રાજુભાઈ બાવનીયાભાઈ સાંસી અને મુકેશભાઈ કનુભાઈ સાંસી સહિત ૧૫ જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં ત્યારે ૪ જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી તેમજ ઝડપાયેલ જુગારીઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧,૦૫,૪૩૦ની રોકડ રકમ સાથે ૧૪ મોબાઈલ ફોન તેમજ ૧૧ વાહનો મળી કુલ રૂા. ૧૦,૨૫,૯૩૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. તમામ જુગારીઓને ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે દાહોદ શહેર પોલીસ મથકે લઈ આવી હતી જ્યાં પોલીસે તમામ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ-વડોદરા બસના કંડકટર ફરજ ઉપર દારૂ પીધેલ જોવા મળતાં મુસાફરે વિડીયો ઉતારી વાયરલ કરતાં ચકચાર


દાહોદ,

દાહોદ-વડોદરા બસના કંડક્ટરે બસમાં પોતાની ફરજ દરમ્યાન દારૂ પીધેલી હાલતમાં જોવા મળતાં બસમાં સવાર મુસાફરે કંડક્ટરનો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લઈ સોશિયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં એસ.ટી. વિભાગમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામી છે.

ગતરોજ દાહોદ-વડોદરાની બસ દાહોદ ખાતે આવી રહી હતી. તે સમયે બસમાં પોતાની ફરજ બજાવનાર કંડક્ટર દારૂ પીધેલી હાલતમાં મુસાફરોને નજરે પડ્યો હતો. આ બસમાં સવાર મુસાફરોના જણાવ્યાં અનુસાર, કંડક્ટરે બસ માથે લીધી હતી. દારૂ પીધેલા



કંડકટરે પેસેન્જરો સાથે અભદ્ર વ્યવહાર કર્યો હતો. કંડક્ટરે એટલો દારૂ પીધેલો હતો કે તેને ચાલવા અને



બોલવામાં ફાફા પડતાં હતાં. બસના કંડક્ટરે પૈસા લઈ પેસેન્જરોને ટીકીટ પણ આપી ન હોવાનું જણાવ્યું હતું.

કંડક્ટરે દારૂ પીધેલી હાલતમાં હોવાને કારણે આ બસના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આ બસના કંડકટર દારૂ પીધેલી હાલતમાં જોવા મળતાં બસમાં સવાર એક મુસાફરે કંડક્ટરનો વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લઈ અને સોશિયલ મીડીયામાં વાઈરલ કરી દેતાં એસ.ટી. વિભાગમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો છે ત્યારે સમગ્ર મામલે સંબંધિત એસ.ટી. વિભાગ દ્વારા આ કંડકટર વિરૂધ્ધ કાર્યવાહી કરશે કે કેમ ? તે જોવાનું રહ્યું પરંતુ આ ઘટનાને પગલે આ બસના મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

# દાહોદના અમરધામ કબીર મંદિર સાલીયાના મહંત અને ગુરૂશ્રીએ સાંસદ અને મંત્રીની ઉપસ્થિતીમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરી


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદ,

દાહોદ જીલ્લાના અમરધામ કબીર મંદિર સાલીયાના મહંત શ્રી ૧૦૮ ઋષિકેશદાસ સાહેબ, ગુરૂ જ્ઞાનીદાસ સાહેબ તેમજ દાહોદ જીલ્લાના સાંસદ જસવંતસિંહ ભાભોર તથા રાજ્ય પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં ગુરૂ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગુરૂ વગર જ્ઞાન અધૂરૂં ગણાય છે એટલે દરેક વ્યક્તિ હોય કે સમુદાય તે પોતાના એક ગુરૂજીને આદર્શમાંની તેમના જીવન મૂલ્યોમાંથી શીખ મેળવતા હોઈએ છીએ એટલેજ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે.

આજે કબીર મંદિર સાલિય ખાતે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી થઈ. જેમાં કબીર પંથ સમાજના સંત મહંત સાધુ સાહેબો તથા અન્ય ભાવિકો અને ભક્તોએ ગુરૂ પૂર્ણિમા નિમિતે ગુરૂજીના આશીર્વાદ લઈ સત્સંગનો અનેરો લાભ લઈ પોતે ધન્યતા અનુભવી હતી. તેમજ ગુરૂજીની આરતી પછી ભોજન પ્રસાદીનો લાભ લીધો હતી. આમ, સદ્દગુરૂ કબીરદાસ સાહેબની તેમજ ધની ધરમદાસ સાહેબની પ્રણાલિકા મુજબ ગુરૂપૂર્ણિમાનો વાર્ષિક ઉત્સવ કબીર મંદિર સાલીયા ખાતે ધામધૂમ પૂર્વક ઉજવયો હતો.

# દાહોદના કતવારા ગામે પાણીના નિકાલ માટે ઝઘડાની અદાવત રાખી બડદવાલા પરિવારના સભ્યો દ્વારા હુમલો કરી છ વ્યકિતને ઈજાઓ કરી

દાહોદ,

દાહોદ તાલુકાના કતવારા ગામે પાણીના નિકાલ માટે અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી બડદવાલ પરિવારના સભ્યો મારક હથિયારો સાથે દોડી આવી સામા પક્ષના વ્યક્તિઓ ઉપર હિંસક હુમલો કરી બે મહિલા સહિત છ જેટલા વ્યક્તિઓને ઈજાઓ પહોચાડી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જાણવા મળેલ છે.

દાહોદ તાલુકાના ચંદવાણા ગામના લહેરી ફળીયાના બડદવાલ પરિવારના અર્જુનસિંહ, ગંભીરસિંહ, પંકજભાઈ પ્રતાપભાઈ, નિલેશભાઈ ગંભીરસીંહ, રાજેન્દ્રભાઈ ગંભીર સિંઘ, ભારતભાઈ ગંભીરસિંઘ, દેવેન્દ્રભાઈ રાજેન્દ્રભાઈ, સુનીલભાઈ ધારાસિંઘ, ધારાસિંઘ મદનલાલ, કાળુભાઈ મદનભાઈ, પ્રતિકભાઈ ધારાસીંગ તથા કતવારા ગામના મુકેશભાઈ ઈન્દ્રસીંગભાઈ કથોટા એમ કુલ ૧૧ જેટલા ઈસમોએ ચંદવાણ ગામના લહેરી ફળીયાના અલકાબેન મહેશભાઈ બામણના ઘર આગળ પાણીના નિકાલ માટે અગાઉ થયેલ ઝઘડા તકરારની અદાવત રાખી મારક હથિયારો લઈ એકસંપ થઈ ગેરકાયદે ટોળકી બનાવી દોડી આવી અલકાબેન તથા મહેશભાઈને ગાળો બોલી તે કેમ પંચ ભેગુ કરેલ છે અને સમાધાન કરાવેલ છે તેમ કહી માથામાં હોકી તથા લાકડીઓ મારી તથા ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. અને વચ્ચે છોડાવવા પડેલ સરસ્વતીબેન, ભારતભાઈ, કૃતિકભાઈ, પ્રતિકભાઈ તથા અર્પિતભાઈને પણ ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

આ સંબંધે અલકાબેન મહેશભાઈ બામણે કતવારા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ નગરમાં ગુરૂપૂર્ણિમાના પાવન અવસરે સાઈ મંદિર ખાતે મંદિરનો છઠ્ઠો પાટોત્સવ ભારે હર્ષોલ્લાસ પૂર્વક ઉજવાયો

ઝાલોદ,

ઝાલોદ નગરના વાલ્મીકિ સમાજ દ્વારા સાઈ મંદિરનો છઠ્ઠો પાટોત્સવ સર્વ સમાજને સાથે રાખી ધામધૂમ પૂર્વક ઉજવ્યો હતો. સાઈ મંદિર ખાતે વાલ્મીકિ સમાજ તેમજ નગરના લોકો સવારથી જ દર્શન અર્થે ઉમટી પડ્યા હતા. સવારથી જ સાઈ મંદિર ખાતે ભક્તો પુરા ભક્તિ ભાવ પૂર્વક સાઈ મંદિર ખાતે પૂજા અર્ચના તેમજ દર્શન કરવા ઉમટી પડ્યા હતા. સાઈ મંદિરના પાટોત્સવ નિમિત્તે મંદિર ખાતે પૂજા હવન પણ યોજાયો હતો તેમાં વાલ્મીકિ સમાજના સહુ લોકો જોડાયા હતા. વાલ્મીકિ સમાજ દરેક ઉત્સવ ખૂબ જ શ્રદ્ધા તેમજ ભક્તિભાવ સાથે ઉજવતા જોવા મળે છે. વાલ્મીકિ સમાજના સહુ લોકો પરિવાર સાથે મંદિરના પાટોત્સવમાં જોડાયા હતા.


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

સાંઈ મંદિરની બાજુમાં જ વાલ્મીકિ સમાજ દ્વારા વર્ષો જૂનું શીતળામાતાનું મંદિર જે હતું. તે જગ્યાએ કૃષ્ણ ભગવાન, બળીયા બાપજી (ખાટું શ્યામ) અને શીતળા માતાની નવીન મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા આજે ગુરૂ પૂર્ણિમાના પાવન અવસરે યોજાઈ હતી. ત્રણ દિવસથી પ્રાણ પ્રતિષ્ઠા નિમિતે દરરોજ મંદિર ખાતે સંપૂર્ણ હિન્દુ શાસ્ત્રોક્ત વિધિ દ્વારા હવન પૂજા તેમજ પ્રાણ પ્રતિષ્ઠા વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવી હતી. વાલ્મીકિ સમાજ છેલ્લા ત્રણ દિવસથી ખૂબ જ ઉત્સાહ પૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવી રહ્યો છે. દરરોજ સાંજે વાલ્મીકિ સમાજના સહુ લોકો સાથે મળી ભકિતભાવ સાથે ભજન કીર્તન કરતાં હતાં. વાલ્મીકિ સમાજ નગરના દરેક ઉત્સવોમાં એક અનેરૂં સ્થાન ધરાવે છે. નગરના દરેક ઉત્સવોમાં વાલ્મીકિ સમાજ દ્વારા ઉત્સાહભેર ભાગ લઈ ઉત્સવ સફળતા પૂર્વક ઉજવવામાં સિંહ ફાળો આપતો આવ્યો છે.

સાંઈ મંદિરના છઠ્ઠા પાટોત્સવ નિમિત્તે નગરમાં સાંઈ બાબાની શોભાયાત્રા બેંડબાજા અને ભજનોની રમઝટ સાથે કાઢવામાં આવી હતી. હાથમાં ભારતીય સંસ્કૃતિની શાન એવા ભગવો ધ્વજ શોભાયાત્રા દરમ્યાન લહેરાતું જોવા મળતો હતો. શોભાયાત્રાનું નગરમાં ઠેર ઠેર સ્વાગત કરવામાં આવતું હતું, તેમજ બસ સ્ટેશન વિસ્તારમાં રાસ ગરબાની રમઝટ પણ કરવામાં આવી હતી. છેલ્લે સહુ વાલ્મીકિ સમાજના લોકો તેમજ નગરના આગેવાનો દ્વારા સાઈ મંદિર ખાતે મહાઆરતી કરી ઉપસ્થિત સહુ લોકો તેમજ નગરના સહુ લોકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

# જેઠોલી ગામે કરૂણા સાગર મંદિરે ગુરૂ પૂર્ણિમા મહોત્સવ યોજાયો



દાહોદ,

જેઠોલી ખાતે પરમગુરૂં કરૂણા સાગર મંદિર ખાતે ગુરૂ પૂર્ણિમા પર્વની ઉજવણી કરવામાં આવી. જેમાં ભાવિ ભક્તો દૂર દૂર થી એક દિવસ અગાવ આવી પહોચ્યા હતા. જેને લઈ સમગ્ર ગામના માણસો દ્વારા ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવાર થી જ ભાવિ ભક્તોની ભીડ જોવા મળી હતી. શ્રી મહંત પરમ ગુરૂની અસીમ કૃપા અને પૂજ્ય શ્રીમંત ધરમપ્રિયદાસજીના પાવન સાનિધ્યમાં જેઠોલી ખાતે ભવ્ય થી પણ ભવ્ય મંદિરે આયોજન કરવા માં આવ્યું હતું. એક બાજુ ક્હેવત છે ગુરૂ વગરનું જીવન અધુરૂ છે.

જેઠોલી પ્રાથમિક શાળા તેમજ હાઈસ્કૂલના બાળકો પ્રોગ્રામમાં હાજર રહી ને ગુરૂ પ્રસાદી નો પણ લાભ લીધો હતો. એક બાજુ જેઠોલી મુકામે ગુરૂ ધર્મપ્રિય દાસ આવ્યા પછી તો ગામની રોનક પણ બદલાઈ ગઈ તેને લઈ લોકોમાં અનોરો આનંદ જોવો મળે છે. ગુરૂ પૂર્ણિમા નિમિત્તે મહાપ્રસાદીનું આયોજન મીનાક્ષીબેન સુરેશભાઈ (કાંતિભાઈ) તરફ થી કરવામાં આવ્યું હતું.

# લીમડી દુકાનદારની દુકાનમાં થયેલ મોબાઈલ ચોરીને ગણતરીના કલાકોમાં ચોરને ઝડપી પાડતી લીમડી પોલીસ



લીમડી,

લીમડી વિસ્તારમાં એક દુકાનમાં કાઉન્ટર ઉપર થી મોબાઈલ ચોરી થયેલ હતો. વ્યાપારી દ્વારા ભારે શોધખોળ કરવા છતાંય મોબાઈલ ન મળતાં વ્યાપારી દ્વારા મોબાઈલ ચોરીની ફરિયાદ ઈ.એફ.આઈ.આર. દ્વારા કરવામાં આવી હતી. વ્યાપારી દ્વારા થયેલ ઈ.એફ.આઈ.આર. ને લીમડી નગરના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એફ. ડામોર દ્વારા તાત્કાલિક પોલીસ સ્ટાફના માણસોને સાથે રાખી તપાસ હાથ ધરી હતી. લીમડી પોલીસ દ્વારા ખાનગી બાતમીદારો તેમજ હ્યૂમન ઈન્ટેલિજન્સની મદદ દ્વારા ગણતરીના કલાકોમાં ચોરને મોબાઈલ સાથે ઝડપી પાડયો હતો.

મળેલ માહિતી મુજબ આરોપી રાકેશ કાળુ સંગાડા દુકાનદારની દુકાનમાં સારો સંબંધ હોવાથી અવારનવાર અવરજવર કરતો રહેતો હતો. પોલીસ દ્વારા કડક પૂછતાછ હાથ ધરાતા આરોપી દ્વારા ચોરીની કબૂલાત કરવામાં આવેલ હતી. આમ, લીમડી પોલીસને ગણતરીના કલાકોમાં મોબાઈલ ચોરીના આરોપીને ઝડપી સફળતા મેળવેલ છે.

# ગરબાડા તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ભારત લોકશાહી દેશ છે. બાળકો એ આપણાં લોકશાહી દેશનું અવિભાજ્ય અંગ છે. બાળકો લોકશાહીનું મહત્વ સમજે, બાળકોમાં નેતૃત્વના ગુણો વિકસે, બાળકો ચૂંટણી પ્રક્રિયાથી માહિતગાર થાય, બાળકો શાળાના વિકાસ માટે અને શાળાના સુચારૂ વહીવટ માટે યોગ્યતા ધરાવતા બાળ ઉમેદવારોની પસંદગી કરતાં શીખે તેમજ બાળકો પોતાની જવાબદારી સ્વીકારી તેને સારી રીતે નિભાવતા પણ શીખે તેવા હેતુથી શાળાના આચાર્યા શૈલાબેન બારીઆ તેમજ ચૂંટણી કમિશ્નર તરીકે નિમાયેલા શાળાના શિક્ષિકા શિયાલીયા આરતીબેન તથા શાળાના તમામ શિક્ષિકા બહેનોના વડપણ તેમજ માર્ગદર્શન હેઠળ મોબાઈલ એપ્લિકેશનના ઉપયોગ થકી પેપરલેશ ચુંટણીનું આયોજન કરી દર વર્ષની જેમ આ વર્ષે પણ તાલુકા કન્યા પ્રાથમિક શાળામાં શાળાના મહામંત્રી પદ તેમજ વર્ગ મંત્રી માટેની ચૂંટણી શાળાનાં છ વોર્ડમાં યોજવામાં આવી હતી. જેમાં પ્રિસાઈડીંગ, આસિ.પ્રિસાઈડીંગ, પોલીંગ ઓફીસર તેમજ મતદાતા બની ચુંટણીની પ્રક્રિયામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ચૂંટણીમાં સૌથી વધુ મત સાથે દવે જીંકલબેન વિજયી થઈ મહામંત્રી બન્યાં હતાં. તેમજ પ્રમુખપદે હઠીલા યાક્ષીબેન ચુંટાઈ આવ્યાં હતાં. તમામ બાળ ઉમેદવારો, વિદ્યાર્થીનીઓ અને શિક્ષિકા બહેનોએ એમને અભિનંદન આપી કામ કરવાનો ઉત્સાહ વધાર્યો હતો અને એમના જીતની સૌએ સાથે મળીને ઉજવણી કરી હતી.

# જીવન જયોત વિદ્યાલય લીમડી ખાતે ગુરૂ પૂર્ણિમાના પર્વની ઉજવણી કરાઈ



લીમડી,

ગુરૂપૂર્ણિમાના પર્વ નિમિત્તે લીમડીમાં આવેલ જીવન જ્યોત વિદ્યાલય લીમડી તેમજ આર.એમ. દેવડા માધ્યમિક સ્કૂલના પટાંગણમાં ગુરૂપૂર્ણિમાના પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મેનેજીંગ ડિરેક્ટર અમિતભાઈ દેવડા, અતિથિ વિશેષ આચાર્ય કંદર્પભાઈ તેમજ શાળાના આચાર્ય કુલદીપભાઈ મોરી, રીટાબેન પાટીલ, ઈશ્વરભાઈ પટેલ તથા શાળામાં શિક્ષણ કાર્ય કરાવતા અને ગુરૂ સમાન એવા તમામ શિક્ષક મિત્રો તથા નાના ભૂલકાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના માધ્યમિક વિભાગના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાના મંદિરના દેવી માં સરસ્વતીનું પૂજન કરવામાં આવ્યું હતું અને તે બાદ શાળાના કે. જી. પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક તથા માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂ પૂર્ણિમા દિવસ નિમિત્તનો મહિમા સમજાવ્યો હતો અને દરેક વિદ્યાર્થીઓને ગુરૂ વિશે અનોખું જ્ઞાન આપ્યું હતું. તેની સાથે સાથે અતિથિ વિશેષ આચાર્ય કંદર્પભાઈ એ દિન વિશેષ મહિમા જણાવ્યું હતુ અને આ દિવસ શા માટે મહર્ષિના યાદમાં ઉજવવામાં આવે છે, તેની માહિતી આપી હતી. શાળાના મેનેજર ડિરેક્ટ તથા શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને ગુરૂદક્ષિણા રૂપે એક ઉત્તમ નાગરિક બની રાષ્ટ્ર સેવા, સમાજ સેવા, કરવા ઉત્તમ રીતે અભ્યાસ કરવા, તેમજ વ્યસન ના કરવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમજ શાળામાં આજ તારીખ પછી અઠવાડિયામાં એક તાસ ધર્મનું જ્ઞાન મળી રહે તેવા અને વિદ્યાર્થીઓ ધાર્મિક જ્ઞાન કેળવે અને શીખે તેવાં હેતુથી આચાર્ય કંદર્પભાઈ ની નિમણૂક કરી દર અઠવાડિયે ધાર્મિક તથા આધ્યાત્મિક જ્ઞાન આપવાનું જણાવ્યું હતુ. તે પછી માધ્યમિક વિભાગના શિક્ષકઓએ આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

# લીમડી પોલીસ વિસ્તારની છેલ્લા સાત વર્ષથી ગુમ થયેલ મહિલાને શોધી પાડતી લીમડી પોલીસની સી.ટીમ



લીમડી,

સાત વર્ષથી લીમડી પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ગુમ થયેલ લીમડી પોલીસ સ્ટેશનના વિસ્તારની મહિલાને લીમડી પોલીસ સ્ટેશનની સી.ટીમ દ્વારા શોધી કાઢવામાં આવેલ છે. લીમડી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.એફ. ડામોર તેમજ લીમડી પોલીસની સી.ટીમમાં ફરજ નિભાવતા વુ.હે.કો. હીનાબેન સોમાભાઈ, વુ.પો.કો. રૂપલબેન હેમાભાઈ તેમજ વુ.પો.કો. નીરૂબેન મલાભાઈ એ હ્યૂમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરી છેલ્લા સાત વર્ષથી જાણવા જોગના કામે ગુમ થયેલ મહિલાને શોધી કાઢી પ્રસંશાનીય કામગીરી કરેલ છે.

# ફતેપુરામાંથી વિભાજન કરી સુખસરને તાલુકો બનાવવાની માંગ પ્રબળ બની

ફતેપુરા,

ફતેપુરા તાલુકો બનાવવા માટે સંતરામપુર તાલુકામાંથી વિભાજન કરીને ફતેપુરા તાલુકો બનાવવામાં આવ્યો છે. આ તાલુકો બનાવવા માટે ફતેપુરા તેમજ સુખસર વિભાગના લોકોએ એડી ચોટીનુ જોર લગાવ્યુ હતુ. સુખસર વિભાગના લોકોની પ્રબળ માંગ હતી કે, ફતેપુરાને તાલુકાનો દરજ્જો આપતા પહેલા સુખસર વિભાગને ધ્યાનમાં રાખીને ફતેપુરાને તાલુકાનો દરજ્જો મળ્યો હતો તે વાતને કેટલો સમય વિતી ગયા પછી ફતેપુરા તાલુકાનુ વિભાજન કરીને સુખસરને અલગ તાલુકાનો દરજ્જો આપવા માટે ફતેપુરા તાલુકા પ્રમુખે ધારાસભ્યને સાંસદ સભ્યને રજુઆત કરી છે.

ફતેપુરા તાલુકા પંચાયતમાં ૯૬ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૯૬ ગામોને વારંવાર ફતેપુરા તાલુકા પંચાયત ખાતે કોઈને કામ અર્થે આવવુ પડતુ હોય છે. ત્યારે સુખસર વિભાગના ગામડાઓને ફતેપુરા તાલુકામાં આવવા માટે ૨૦ થી ૨૫ કિ.મી.નુ અંતર કાપવુ પડે છે. તેને ધ્યાનમાં રાખીને ફતેપુરા તાલુકા પ્રમુખે તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ કરીને ફતેપુરામાંથી સુખસર ગામને અલગ તાલુકાનો દરજ્જો આપવા માટે ધારાસભ્ય રમેશભાઈ ભુરાભાઈ કટારાને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે. સુખસર વિભાગના મોટાભાગના ગામડાઓનો સમાવેશ ફતેપુરા તાલુકામાં થાય છે. ત્યારે સુખસર વિભાગને તાલુકો બનાવવામાં આવે તો મોટાભાગના એ વિભાગ બાજુના ગામડાઓને તાલુકાનો લાભ મળી રહે તેમ જ તેમના કામકાજ સરળતાથી થઈ શકે સમય અને નાણાંનો ખર્ચ બચી શકે તે માટે તાલુકા પંચાયતના પ્રમુખ રમીલાબેન દિનેશભાઈ પારગી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ કરીને આ નિર્ણય લઈને તેઓએ ધારાસભ્ય રમેશભાઈ ભુરાભાઈ કટારાને રજુઆત કરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.267

## પંચમહાલ જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં

# પ્રમુખે ગ્રાન્ટ કાપી લેવાની પેરવીના વિરોધમાં સભ્યોએ વોક આઉટ કરી હોબાળો કર્યો





- જીલ્લા પંચાયત સભ્યોને ૧૫ના નાણાં પંચની ફાળવણીને લઈ જીલ્લા પંચાયત પ્રમુખ સામે અસંતોષ.
- જીલ્લા પંચાયત સભ્યોએ વોક આઉટ બાદ ડી.ડી.ઓ.ને મુલાકાત કરી રજુઆત કરાઈ.
- જીલ્લા પંચાયત પ્રમુખ દ્વારા મીડીયા હેન્ડન કરવાનું સભ્યો સાથે સમાધાન કરતાં સભ્યો ફેરવી તોડયું.

ગોધરા,

પંચમહાલ જીલ્લા પંચાયતની યોજાયેલ સામાન્ય સભામાં વિકાસના કામો માટેની ગ્રાન્ટ ફાળવણીને લઈને સભ્યો દ્વારા હોબાળો મચાવીને વોક આઉટ કર્યું હતું. જીલ્લા પંચાયત પ્રમુખ સભ્યોની ગ્રાન્ટ કાપી લેવાની પેરવી હોય તેવું ધ્યાને આવતાં સભ્યો દ્વારા હોબાળો બાદ વોક આઉટ કરેલ સભ્યોએ જીલ્લા વિકાસ અધિકારી સાથે ચર્ચા બાદ મામલો થાળે પાડવામાં આવ્યો.

પંચમહાલ જીલ્લા પંચાયતની આજરોજ સામાન્ય સભા મળી હતી. સામાન્ય સભામાં ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટની ફાળવણીમાં જીલ્લા પંચાયત પ્રમુખ કામીનીબેન સોલંકી સભ્યોની ગ્રાન્ટ કાપી લેવાની પેરવીમાં હતા. સભ્યોની ગ્રાન્ટ કાપી લેવાની ગંધ સભ્યોને આવી જતાં સભ્યો દ્વારા સામાન્ય સભા છોડીને વોક આઉટ કરીને હોબાળો મચાવ્યો હતો. જીલ્લા પંચાયતની સામાન્ય સભામાં વિકાસના કામો માટેના ૧૩ કરોડ ૩૦ લાખ રૂપીયાના રકમના આયોજનમાં જીલ્લા પંચાયત પ્રમુખ દ્વારા તમામ ગ્રાન્ટ જીલ્લા પંચાયતના ૩૮ સભ્યો ફાળવવાના આયોજન માટે સભ્યો પાસેથી ૫ કરોડ ૭૦ લાખ રૂપીયાના આયોજનો મંગાવીને પુરી ગ્રાન્ટ ખર્ચ કરવાની પેરવી કરી બાકીના ૭ કરોડ ૬૦ લાખ રૂપીયાના કામોના આયોજન જીલ્લા પંચાયત પ્રમુખ તરીકે ઈચ્છા મુજબ કરવાનું હોવાનું જીલ્લા પંચાયત સભ્યોની ધ્યાનમાં આવતાં સામાન્ય સભામાં ભારે હોબાળો મચાવીને સભા છોડીને વોક આઉટ કર્યું હતું. જીલ્લા પંચાયતના સભ્યોએ સામાન્ય સભા માંથી વોક આઉટ કરી જીલ્લા વિકાસ અધિકારીને રજુઆત માટે ગયા હતા. જીલ્લા વિકાસ અધિકારીએ સભ્યો સાથે ગ્રાન્ટ ફાળવણીના મુદ્દે ચર્ચાઓ કર્યા બાદ પ્રમુખ પણ ચર્ચામાં જોડાયા હતા. સામાન્ય સભામાં ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ માંથી ઉપયોગ કરવા માંગતા જીલ્લા પંચાયત પ્રમુખની મનસા ઉપર સભ્યોએ સામાન્ય સભામાં વોક આઉટ કરીને પાણી ફેરવ્યું હતું.

પંચમહાલ જીલ્લા પંચાયત પ્રમુખના અઢી વર્ષના પ્રથમ કાર્યક્રમ પુરો થવામાં થોડા મહિનાનો સમય બાકી રહ્યો છે. ત્યારે પ્રમુખ તરીકે જીલ્લા પંચાયતના વહીવટ દરમિયાન ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટના માનમાન્યો ઉપયોગ કરવામાં માંગતા હોય ત્યારે સભ્યોને આયોજન મુજબની ગ્રાન્ટ ફાળવણી થાય તેવી સભ્યોએ માંગ કરાઈ.

### જીલ્લા પંચાયત સભ્યોના વોક આઉટ બાદ DDO સામે અને પ્રમુખ સાથે ચર્ચા બાદ સભ્યો થયેલ વિવાદમાં ફેરવી તોડયું

જીલ્લા પંચાયત સામાન્ય સભામાં સભ્યો દ્વારા ૧૫માં નાણાં પંચની ગ્રાન્ટ ફાળવણી મુદ્દે વોક આઉટ કરી હોબાળો મચાવ્યો હતો અને જીલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરવા પહોંચ્યા હતા. ડી.ડી.ઓ. સાથે સભ્યોની ૧ કલાકની ચર્ચા બાદ જીલ્લા પંચાયત પ્રમુખ ચર્ચામાં જોડાયા હતા અને આખા વિવાદનો ઢાકપીછોડો કરવા માટે જીલ્લા પંચાયત પ્રમુખ દ્વારા મીડીયા હેન્ડલ કરવાને કહીને સભ્યો સાથે સમાધાન કરી લેવામાં આવ્યું હતું. બાદમાં સામાન્ય સભામાં ગ્રાન્ટની કાપી લેવાના મુદ્દે વોક આઉટ કરનાર સભ્યોએ ગ્રાન્ટ ફાળવણી મુદ્દે થયેલ હોબાળામાં ફેરવીને તોડયું હતું.

## ગોધરા જનરલ હોસ્પિટલ ખાતે આરોગ્યના RBSK કાર્યક્રમ અંતર્ગત બાળકો માટે સજીર્કલ કેમ્પનું આયોજન કરાયું



ગોધરા,

રાજ્ય સરકાર દ્વારા સમાજને ઉત્તમ જીવન ધોરણ મળી રહે તે માટે વિવિધ કલ્યાણકારી અને આર્થિક ઉપાર્જન માટેની વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. આ યોજનાઓ માટે અનેક પોર્ટલ પણ બનાવવામાં આવ્યા છે. સરકાર દ્વારા દરેક ક્ષેત્રમાં સમાજ પ્રગતિના પંથ ઉપર ચાલે તેવા ઉમદા આશય સાથે આપણી ભવિષ્યની પેઢી એવા બાળકો માટે પણ વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.ઉજ્જ્વળ ભવિષ્યના તારલાઓના આરોગ્યના રક્ષણ માટે સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ RBSK યોજના અમલમાં મૂકેલી છે.

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યના ૦ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોને ઉત્તમ આરોગ્યપ્રદ જીવન મળી રહે તે જરૂરી છે. જેના માટે બાળકોના આરોગ્યની દરકાર કરવામાં આર્થિક બાબતો અડચણરૂપ ન બને તેવા ઉમદા આશયથી બાળકોને થયેલ બિમારીનું વિનામૂલ્યે નિદાન અને સારવાર થઈ શકે તે માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અમલમાં મુકેલી છે. સદર યોજના છેવાડાના વ્યક્તિઓ માટે આશીર્વાદ સમાન બની છે.

વાત કરીએ પંચમહાલ જીલ્લાની તો ૫૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૦૬ અર્બન હેલ્થ સેન્ટર ખાતે RBSK ટીમ જેમાં આશા બહેનો, ફિમેલ હેલ્થ વર્કર અને મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરના સંયુકત પ્રયાસો થકી બાળકોના આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે.

જયદીપ હોસ્પિટલ અમદાવાદના સહયોગથી RBSK કાર્યક્રમ અંતર્ગત પંચમહાલ જીલ્લાની આરોગ્ય શાખા દ્વારા જનરલ હોસ્પિટલ ગોધરા ખાતે બાળકો માટેના સજીર્કલ કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં જીલ્લાના તમામ તાલુકાઓમાંથી RBSK ટીમ દ્વારા પ્રસુતિ સમયે નવજાત શિશુના આરોગ્ય તપાસ દરમિયાન મળી આવેલ ખામીઓ જેવી કે કપાયેલા હોઠ અને તાળવું, વાંકા પગ,કાનની બહેરાશ તથા અભાવ, હાથ અને પગની વિકલાંગતા,જનનઅંગોની ખામીઓ ધરાવતા કુલ ૨૦ બાળકોને RBSKના વાહનોમાં આ કેમ્પમાં રીફર કરવામાં આવ્યા હતા.

ગોધરા જનરલ હોસ્પિટલ ખાતે આ બાળકોની યોગ્ય તપાસ પછી સર્જરીની જરૂરિયાત જણાતા કુલ ૧૬ બાળકોની સર્જરી જયદીપ હોસ્પિટલ અમદાવાદ ખાતે RBSK સંદર્ભ કાર્ડ તથા PM-JAY કાર્ડના સહયોગથી નિઃશુલ્ક કરવામાં આવશે. આ માનવતાના ભગીરથ કાર્યને સફળ બનાવનાર પંચમહાલ જીલ્લા આરોગ્ય, RBSK તથા SBCC ટીમના અથાગ પ્રયત્નો અને PM-JAY તથા અટલ સ્નેહ યોજના અંતર્ગત સરાહનીય કામગીરી કરી હતી. પંચમહાલ જીલ્લાના આ જન્મજાત ખામી ધરાવતા બાળકો તથા તેમના પરિવાર માટે સરકારની યોજનાઓ આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે.

## ગોધરાના દંતાણી વાસમાં પારાવાર ગંદકી, મચ્છરોનો ઉપદ્રવ, લોકો લાચારીમાં જીવન નિર્વાહ કરવા મજબૂર



ગોધરા,

ગોધરા શહેરના દંતાણી વાસમાં એટલી ગંદકી અને કિચડ છે કે, લોકો આવી સ્થિતિ જીવન નિર્વાહ કરવા મજબૂર બન્યા છે. સાથે એક મહિલાએ તો કહ્યું કે ટોયલેટ માટે એટલી લાંબી લાઇનો લાગે છે કે સવારે પાંચ વાગ્યે ઉઠીને જુવાન દીકરીઓને બે કિલોમીટર દૂર લઇ જવી પડે છે.

ગોધરા શહેરના નવરંગ સોસાયટીની પાસે દંતાણી વાસ વિસ્તાર આવેલો છે. જ્યાં હાલ બે હજાર લોકો વસવાટ કરે છે. પરંતુ દંતાણી વાસમાં પ્રવેશતાની સાથે ચારે બાજુ કચરાના ઢગલાં તેમજ ગટર લાઈનનું ગંદુ પાણી રોડ ઉપર અને ઘરોમાં રેલાયેલું જોવા મળી રહ્યું છે. જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. ચારેકોર લીલના થર જામી ગયેલા જોવા મળી રહ્યા છે. જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની સંભાવના જોવા મળી રહી છે.

દંતાણી વાસમાં રહેતા જમનાબેને જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષોથી અમારી જિંદગી આવી જ રીતે પસાર થઈ રહી છે અને આજ રીતે ગંદકીમાં રસોઈ બનાવીએ છીએ. મારી માતા ૯૦ વર્ષના છે, આજે પણ અમારા ઘર આંગણે ગંદકીમાં રસોઈ બનાવી પડે છે અને આજ રીતે ગંદકીમાં ખાવા મજબુર બનવું પડે છે. અમારે જોડે બીજો કોઈ રસ્તો નથી. અમે નગરપાલિકાના સભ્યોને ભરપેટ વોટ આપ્યા છે, પરંતુ સ્થાનિક કોર્પોરેટર પણ અમારી ભાળ લેતા નથી. જ્યારે બીજા એક ઉંમરલાયક દાદીએ કહ્યું હતું કે, બસ આ જ રીતે ગંદકી માં ચૂલો ફૂંકીને ખાવું પડે છે અને આવી ભયાનક ગંદકીમાં છોકરાઓને શું ખવડાવી એ ખબર નથી પડતી.

દિનેશભાઈ દંતાણીએ જણાવ્યું હતું કે, દેશ આઝાદ થયો ત્યારથી અહીં રહીએ છીએ. છેલ્લા ૬૦ થી ૮૦ વર્ષથી અમારા બાપદાદાઓથી રહીએ છીએ અને આવી જ ગંદકીઓમાં અમારા બાપદાદાઓ મરી ગયા પરંતુ હજુ સુધી અમારી સમસ્યાનું સમાધાન કરવામાં આવતું નથી. નગરપાલિકા સહિત કલેકટર કચેરીઓમાં વારવાર રજૂઆત કરી પરંતુ હજુ સુધી અમારી સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવ્યું નથી. આજે છ મહિના થઈ ગયા છતાં પણ ગટર લાઈનની સાફ–સફાઈ કરવામાં આવતી નથી.

## ગોધરા શહેર નજીક હાઈવે ટચની ખેતીની જમીન વેચાણ કરનાર અને લેનાર બાબુવાલાની પરિવારની વેચાણ નોંધ મુળ ખેડુત ખાતેદાર હોવાના પુરાવા રજુ ન થતાં નોંધ નામંજુર

ગોધરા,

ગોધરા શહેર નજીક હાઈવે રોડ ઉપર મોકાના સ્થળે કુબરા અલી અસગર બાલુવાની ખેતીની જમીન આવેલ હોય આ જમીન ૨૦૨૨ રજીસ્ટ્રર વેચાણ દસ્તાવેજથી પરિવારના સભ્યને રીયાઝ યુસુફી બાલુવાલાનને વેચાણ કરેલ હોય આ જમીનમાં વેચાણ આપનારનું નામ કમી કરી વેચાણ લેનારનું નામ નોંધ કરવા કાગળો તૈયાર કરી મામલતદાર કચેરીમાં મુકવામાં આવ્યા હતા.

ગોધરા શહેર નજીકની રજીસ્ટ્રાર વેચાણ દસ્તાવેજની જમીન ધારણકર્તાના નામની નોંધ દાખલ કરવા માટેની કાર્યવાહી દરમિયાન આ જમીન અગાઉ ગામ રેકર્ડ દાખલ થયેલ ફેરફાર નોંધની દાખલ થયેલ યુસુફ અબુલી શહેરાવાલા મુળ ખેડુત ખાતેદાર હોવા અંગેના પુરાવા રજુ થયેલ ન હોય જેને લઈ ખેતીની જમીન વેચાણ રાખનાર રીયાઝ યુસુફી બાલુવાલાની વેચાણ નોંધ નામંજુર કરવામં આવી છે. જ્યારે આ ખેતીની જમીનમાં અગાઉથી ગામ રેકર્ડ ઉપર દાખલ થયેલ ફેરફાર નોંધ દાખલ થયેલ ખેડુત ખાતેદાર જ્યારે ખેડુત ખાતેદાર હોવાના પુરાવા રજુ કર્યા ન હોય ત્યારે આ ખેતીની જમીનમાં વેચાણ લેનારનું નામ દાખલ થતાં પહેલા મુળ ખેડુત ખાતેદારના ખેડુતના પુરાવા રજુ થયેથી નોંધ પાડવામાં આવશે કે પછી મહેસુલ વિભાગમાં ચાલતી પોલ મુજબ નોંધ મંજુર કરી દેવામાં આવશે તે જોવાનું રહ્યું.

## પાવાગઢ BOB બેંકમાં કનેક્ટિવિટીના અભાવે ખાતા ધારકો પરેશાન

હાલોલ,

પાવાગઢ વિસ્તારમાં ફકત એક જ બેંક ઓફ બરોડા આવેલ છે. આ બેંકના કથળેલા વહીવટથી આજુબાજુના પચાસેક ગામડાઓ અને પાવાગઢ ગામ માંચી હવેલીથી અને માઉન્ટ સુધીના હજારોની સંખ્યાના બેંકના ખાતેદારો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બેંકમાં વારંવાર કનેક્ટિવિટી બંધ હોય છે જેને કારણે ૧૫ થી ૨૦ કિ.મી.દુરથી આવતા ગ્રાહકો ધરમધકકા ખાઈ રહ્યા છે. બેકિંગની કામગીરી અન્ય કોઈ પ્રાઈવેટ વ્યકિતને એજન્ટ તરીકે નિમણુંક કરેલ છે તેની પાસેથી બેકિંગ વ્યવહાર કરવા બેંક અધિકારી દ્વારા કરવામાં આવે છે તે કેટલા અંશે વ્યાજબી કહેવાય ? ગ્રાહકોના ખાતાની ગુપ્તતા જળવાય ખરી ?આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. બેંકમાં પાસબુક મશીનનુ પ્રિન્ટર કાયમી ધોરણે બંધ હોય છે. ફકત એક કર્મચારી તો ગ્રાહકના ખાતા બેલેન્સ જોવામાં વ્યસ્ત હોય ત્યારે સરકાર તરફથી આવતી વિવિધ સ્કિમની સમજણ ગ્રાહક સુધી પહોંચાડવાની તો સમજણ કોણ આપે ? પાવાગઢની આ બેંકનો વહીવટ સુધરશે ખરો ? બેંકના અધિકારી વહીવટને સુધારવા કાર્યરત થાય તેવી ગ્રાહકોની માંગ છે. આ યાત્રાધામ પાવાગઢ વિસ્તારમાં એકપણ એ.ટી.એમ.ની સુવિધા નથી. વર્ષે દહાડે લાખોની સંખ્યામાં આવતા ભાવિ ભકતો ભારે વેદના અનુભવે તાકિદે આ બેંકને સુવિધામાં સુધારો થાય તેવી ખાતેદારોની લાગણી અને માંગ ઉઠવા પામી છે.

## કબીર આશ્રમ ગોધરા ખાતે ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના બોડીદ્રા બુઝર્ગ ગામે આવેલ કબીર આશ્રમ ખાતે ગુરૂ મહંત શ્રી મનહરદાસ સાહેબ તથા મહંત શ્રી રોહિતદાસ સાહેબના હસ્તે આનંદ આરતી વિધિ વિધાન સાથે ગુરૂપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે ભારત સરકારના પૂર્વ મંત્રી અને દાહોદ લોકસભાના સાંસદ જશવંતસિંહ ભાભોર, લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, જીલ્લા પંચાયત પંચમહાલના દંડક અરવિંદસિંહ પરમાર હાજર રહી ગુરૂ આશિષ મેળવેલ હતા. શ્રી મહંત મનહરદાસજી બાપુએ ગુરૂપૂર્ણિમાનો મહત્વનો સવિસ્તાર વર્ણન કરી આશર્વાદ વચન આપેલ હતા. અને મહંત ૧૦૮ રોહીતદાસ મહારાજે કબીર સાહેબગુરૂનો જીવન ચરિત્ર અને મહત્વ સમજવી ગુરૂ એ કરેલ જન જન કલ્યાણની ગાથાઓ વરણી હતી અને તમામ ભક્તોને પ્રાકૃતિક ખેતી તેમજ એક એક વૃક્ષનું મહત્વ સમજાવી વુક્ષરોપણ કરવાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો. આ દિવ્ય પ્રસંગે મોટી સંખ્યામાં સાધુ સંતો અને ભક્તો હાજર રહ્યા હતા. જીલ્લા પંચાયતના દંડક એ.બી. પરમાર દ્વારા તમામ સંતો, મહંતો અને ભક્તોનો આભાર વ્યક્ત કરેલ હતો.

## શહેરા તાલુકાના સહિત જીલ્લા ગુરૂ પૂર્ણિમાની ભાવભેર ઉજવણી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લાભર મા ગુરૂપૂર્ણિમા ની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજના પાદુકા પૂજન સાથે પ્રસાદીનો લ્હાવો લીધો હતો. મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલીંન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરી ભાવિક ભક્તો એ ધન્યતા અનુભવી હતી. તાલુકા મા ઠેર ઠેર ગુરૂવંદના આરતી, ભજન કિર્તન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. ભારતીય સંસ્કુતિ મા તહેવારોને અનેરૂ મહત્વ છે, દરેક તહેવારની પાછળ કોઈને કોઈ મહત્વ છૂપાયેલુ હોય છે. જેમાં અષાઢ સુદને પૂનમના દિવસે ઉજવતા ગુરૂપૂર્ણિમાના તહેવાર પાછળ જીવનનું શિક્ષણ આપનાર ગુરૂ પ્રત્યે કૂતજ્ઞતા વ્યક્ત કરી વંદન કરવાનો દિવસ છે. ત્યારે શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાવાસીઓ પોતાના ગુરૂના આશીર્વાદ લેવા માટે સવારથી જ ત્યાં પહોંચી ગયા હતા. પૂજા અર્ચન કરીને ગુરૂના આશીર્વાદ મેળવ્યા હતા. પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલિન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરવા માટે સ્થાનિક જીલ્લા સહિત બહાર થી પણ ભાવિક ભક્તો આવ્યા હતા. અહીં આવેલા ભકતોએ જનકગીરીજી મહારાજ અને શ્યામગીરીજી મહારાજની પણ પૂજા અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે નગરમાં વર્ષો પૌરાણિક રાજ રાજેશ્વરી માઁ મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજની પાદુકા પૂજન કરવામાં આવ્યૂં હતું. આરતી અને ભજન કીર્તન સાથે મહાપ્રસાદીનો લ્હાવો ભાવિક ભક્તોએ લીધો હતો. મંદિર ખાતે આવેલ ભાવિક ભક્તો મહાલક્ષ્મી માતાજીના દર્શન કરી ધન્ય ધન્ય થયા હતા. તાલુકા સહિત જીલ્લાભરમાં ૧૦૦થી વધુ સ્થળે ગુરૂપૂર્ણિમાની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી.

## કાલોલના દુધવા ગામે જુગાર રમતા બે ઈસમોને પોલીસે ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના દુધવા ગામે કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના દુધવા ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ધનાભાઈ ગણપતભાઈ નાયક, સામંતભાઈ નવલાભાઈ નાયકને દાવ ઉપર મુકેલ રૂપીયા તેમજ અંગઝડતીમાં ૬૧૦/–રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે વેદ વ્યાસ ચેરના ઉપક્રમે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરાઈ



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે વેદ વ્યાસ ચેર અને યુનિવર્સિટીના ભાષાશાસ્ત્ર અને વિજ્ઞાનના અનુસ્નાતક વિભાગોના સંયુક્ત ઉપક્રમે ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરાઈ હતી.

આ કાર્યક્રમમાં અધ્યક્ષપદે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ ડો.પ્રતાપસિંહ ચૌહાણે આશીર્વચન સાથે મુખ્ય વક્તા તરીકે ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના પૂર્વ અધ્યક્ષ અને વેદ વ્યાસ ચેરના કોર્ડીનેટર ડો.એન.એમ.ખંડેલવાલે વેદ વ્યાસ ચેરની વિશેષતાઓ જણાવી હતી. આ કાર્યક્રમમાં ડો.રાજેશ વ્યાસ એ વેદ વ્યાસ ચેર વિશે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં વેદ વ્યાસ ચેરના સભ્યો ડો.કિશોર વ્યાસ, ડો.રાજેશ વ્યાસ અને ડો.સતીષ નાગર, દરેક વિભાગના સંયોજક ડો.દક્ષાબેન ચૌહાણ (વાણિજ્ય વિભાગ), ડો.જે.એન.શાસ્ત્રી (ગુજરાતી વિભાગ), ડો.જગદીશ પટેલ(સમાજશાસ્ત્ર વિભાગ), ડો.રાજેશ વ્યાસ (સંસ્કૃત વિભાગ), ડો.હિરેન ત્રિવેદી(અંગ્રેજી વિભાગ), ડો. સુરેશભાઈ ચૌધરી (ઈતિહાસ), યુનિવર્સિટીના ઈસી મેમ્બર ડો.અજય સોની હાજર રહીને શુભેચ્છાઓ પાઠવી હતી. યુનિવર્સિટીના દરેક વિભાગમાં નવનિયુક્ત સહાયક અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમની આયોજન સમિતિમાં પ્રા.પ્રહલાદ વણઝારા, ડો. અનિતા બારિયા, પ્રણવરાજસિંહ, પિનાકિનભાઈ, જાગૃતી પંડ્યા અને વિદ્યાથીઓએ ખૂબ જ સરસ રીતે કામગીરી સાંભળી હતી. 'ગુરૂપૂર્ણિમા મહોત્સવ'ની ઉજવણીના કાર્યક્રમનું સંચાલન કાર્ય ગુજરતી વિભાગના સહાયક અધ્યાપક ડો.મોસમી મેસવાણિયા દવે અને આભારવિધિ ડો.જાનકી શાહે કરી હતી. ગુરૂપૂર્ણિમા મહોત્સવની ઉજવણીનું આયોજન યુનિવર્સિટીના એકેડેમિક એડવાઈઝર ડો.જે.એન શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.